

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*બહુમતે છે ઉંદરો છતાં બિલ્લી બંધાતી નથી*
*ક્ષુધા કરે ખૂદને ખીલે સંમતિ સંધાતી નથી*
*રંધાતી ન ખીચડી બીરબલોની આકાશી સ્વપ્ને-*
*જૂએ છે સૌ સ્વાર્થ અર્જુનોથી આંખ વિંધાતી નથી*
*(છિદ્રાળુ સંયુક્ત મોરચો)*

### હાઈકુ

*રાજના ભૂખ્યા*
*લાજ છોડીને પણ*
*લે છે લગામ*

*મરી ને પણ*
*વિધવા કરવાની -*
*ઈર્ષાળુ વૃત્તિ*

### ચિંતન

*ગન્ધઃ સુવર્ણે ફલમિક્ષુદણ્ડે નાકારિ પુષ્પં ખલુ ચન્દનેષુ ।*
*વિદ્વાન્ધનાઢયો ન તુ દીર્ઘજીવી, ધાતુઃ પુરા કોઽપિ ન બુધ્ધિદાઽભૂત ।*

**ઉપરોક્ત શ્લોક સુભાષિત રત્નભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.**

**વિધાતાએ સોનું બનાવ્યું પણ તેમાં સુગંધ મૂકી નહીં, શેરડીના સાંઠા પર ફળ બનાવ્યાં નહીં, ચંદનના વૃક્ષને ફૂલ ઉત્પન્ન કર્યા નહીં, વિદ્વાનને ધનાઢ્ય બનાવ્યો નહીં અને જે વિદ્વાનને ધનાઢ્ય બનાવ્યો તેને દીર્ઘાયુ ન બનાવ્યો અને જેને કેવળ ધનાઢ્ય બનાવ્યો તેને દીર્ઘજીવી-ઉદાર જીવવાળો, ઉદાર ભાવનાવાળો બનાવ્યો નહીં.**

**ખરેખર વિધાતાને પહેલા કોઈ બુદ્ધિ આપનારો ન હતો.**

**દુનિયામાં - સંસારમાં એક દૂજે કે લિયેનું સંકલન ભાગ્યે જ જોવા મળે છે. સર્વાંગ શુભગ સંજોગ અકસ્માતે જ સર્જાય છે.**

### સુવિચાર

- ધાર્મિક સંસ્થાઓએ હવે એ સમજવાની જરૂર છે કે માણસને જ્યાં પીડાતો-રીબાતો જુઓ ત્યાં તમારું મંદિર લઈ જાઓ. - **ડોંગરેજી મહારાજ**
- લક્ષ્મી ઘરમાં આવે ત્યારે માણસ તેના તેજમાં એટલો અંજાઈ જાય છે કે સુખશાંતિની જૂની સંપત્તિને નકામી ચીજો ગણીને બહાર ફેંકી દે છે. - **ભૂપત વડોદરિયા**
- ઘરમાં કોઈની કિંમત ધનના પાત્ર તરીકે નહીં, સ્નેહના પાત્ર તરીકે છે. - **એસ. ભટ્ટાચાર્ય**
- સંતાનોને મિલકત ગણીને તેને ચાહતાં હશો તો એ પ્રેમ સાચા લોહીની સગાઈનો ચમત્કાર નહીં સર્જી શકે. - **કાંતિ ભટ્ટ**
- શ્રીમંતે પણ ખાડામાં પડવાથી બચવું હોય તો ક્યારેક ગરીબ માણસનો ટેકો લેવો પડે છે. - **શ્રીલંકન કહેવત**
- કૃપા બસ એટલી ઈશ્વર થવા દે, તું મારા ઘરને મારું ઘર થવા દે. ઘણી મહેનત કરી છે જિંદગીભર, હવે પરસેવાને અત્તર થવા દે - **ગુજરાત મિત્ર**

### બોધકથા

આજકાલ વાત ફેલાવવાની ને વધુ ઝડપે ફેલાવવાની જાણે ફેશન ચાલે છે, 'માર્કેટ મેં નયા આયા હે, ફોરવર્ડ કીજીએ.' બીનઉપયોગી માહિતીઓ સોશિયલ મીડિયા પર ફરતી જોવા મળે છે.

ગ્રીના ફિલસૂફ સોક્રેટિસને મળવા એક ભ ાઈ આવ્યા, તેમણે કહ્યું, 'તમારા મિત્ર વિશે એક વાત મેં હમણાં જ સાંભળી છે, તમે જાણો છો ?'

સોક્રેટિસે પેલા ભાઈને રોકતાં કહ્યું, ભાઈ, 'તમે મારા મિત્ર વિશે કોઈપણ વાત કહો તે પહેલાં હું તમને ત્રણ સવાલ પૂછું છું. સાચા જવાબ આપજો. જો આ ત્રણમાંથી એક સાંભળેલી વાત સુખરૂપ પસાર થાય તો હું તમારી વાત સાંભળવા તૈયાર થઈશ, તદાપિ નહીં.'

સોક્રેટિસે પહેલો સવાલ પૂછ્યો, 'પહેલી પરીક્ષા સત્યની છે, તમે જે વાત સાંભળી છે તે સો ટકા સાચી છે ?' પેલા ભાઈ કહે, ના. સોક્રેટિસે બીજો સવાલકર્યો, 'શું એ વાત સારી છે ? મારા મિત્ર વિશે મારે કંઈ જ ઘસાતું નથી સાંભળવું. કંઈક સારું હોય તો જ કહેજો.' પેલા ભાઈએ કહ્યું, 'સારી તો નથી જ... ખરેખર તો...' પેલા ભાઈ વાક્ય પૂરું કરે તે પહેલાં સોક્રેટિસે તેમને અટકાવ્યા અને ત્રીજો સવાલ પૂછતા બોલ્યા, 'તમે જે જણાવવા માગો છો તે ઉપયોગી છે ? મને કામ લાગે તેવી છે ?' પેલા ભાઈએ ઘસીને ના પાડી, કહ્યું, 'બિલકુલ નહીં.'

સોક્રેટિસે કહ્યું, 'તમે જે વાત કહેવા આવ્યા છો તે સાચી નથી, સારી નથી, ઉપયોગી પણ નથી તો મારે શા માટે સાંભળવી જોઈએ ? તમારો અને મારો સમય શા માટે બરબાદ કરવો જોઈએ ?'

# નિર્ણાયક પ્રતિકારનો ચક્રવ્યૂહ ગોઠવવાની મથામણ

**તંત્રીસ્થાનેથી...**

કેસરિયા રાજકારણ સામે કેવી રીતે ટકવું તે હવે કોંગ્રેસ સહિતનાં કહેવાતાં બિનસાંપ્રદાયિકા પરિબળો માટે કોયડો બની રહેલ છે. સામાન્ય રીતે મોડું એકાદ વાર ઊછળીને શમી જતું હોય છે. કેસરિયા રાજકારણનું મોજું વળી વળીને ઉછાળા મારે છે અને નવી ઊંચાઈઓ આંબે છે તેથી સ્વાભાવિક રીતે જ વિપક્ષો મૂંઝાઈ ગયા છે. જ્ઞાતિવાદનું રાજકારણ વિકાસ વત્તા ધર્મસંસ્કૃતિની મોદી ફૉર્મ્યુલા સામે વામણું પુરવાર થઈ રહ્યું છે. ક્યારેક વડાપ્રધાનનાં સપનાં જોતા બિહારી નીતિશ કુમારને મોદીના સંરક્ષણમાં પોતાનું રજવાડું સાચવી લેવામાં શાણપણ વર્તાયું છે. પડકારની ભાષા વાપરતા મહાગઠબંધનના પ્રણેતા લાલુ યાદવ જેલની હવા ખાઈ રહ્યા છે. કેજરીવાલની બોલતી બંધ થઈ ગઈ છે અને પ્રતાપી પિતાના પુણ્યથી ઓડિશાની ગાદી સંભાળી રહેલા નવીન પટનાયકને આગામી દિવસોમાં ત્રિપુરાના લોકપ્રિય મુખ્યમંત્રીની જેમ ચૂપચાપ ક્ષેત્રસંન્યાસ લઈ લેવો પડે એવી જડબેસલાક જાળ પાથરી દેવામાં શાસક પક્ષના ચાણક્ય સફળ થશે એવું લાગી રહ્યું છે. દેશનાં ૨૧ રાજ્યોમાં ભાજપનો કેસરિયો લહેરાઈ રહ્યો છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ એની શતાબ્દીની ઉજવણી વખતે આખો દેશ ભગવાધારી બની રહે એ લક્ષ્યાંક સાથે આગળ વધી રહ્યો છે. કોંગ્રેસ જેવો રાષ્ટ્રીય પક્ષ સંકોચાઈને માંડ ચારેક રાજ્યોમાં સીમિત થઈ ગયો છે અને એમાં પણ કર્ણાટક જેવા રાજ્યમાં એનો સફાયો થઈ ગયો તો એની પાસે કોઈ મોટું રાજ્ય બચવાનું નથી. કારણ જે હોય તે - કદાચ નિયતિનું જ ચક્ર ચાલતું હશે, નહીંતર ગાંધીહત્યાના પ્રેરક બળ તરીકે જેના પર સતત માછલાં ધોવાતાં રહ્યાં છે તો આરએસએસની રાજકીય શાખા જેવી ભારતીય જનતા પાર્ટી આટલું કાઠું કાઢી શકે એવું તો ખુદ અટલજી કે અડવાણીને સપનું પણ નહીં આવ્યું હોય. મોદી સામેના તમામ મુદ્દા પછી તે એમના ગરીબોના ખાતામાં પંદર લાખ જમા કરાવવાનો ચૂંટણી નુસખો હોય કે પિંક રિવોલ્યુશન કહેતાં કતલખાનાં બંધ કરાવવાનો હોય, નોટબંધી જેવું આકરું પગલું હોય કે કરોડોના ધુમાડા કરી પોતાની વાહવાહી કરાવવા માટેના નરસાઃ પ્રજાને એ બધું પચી ગયું છે. એટલે મમતા બેનરજી જ્યારે એમ કહેતાં હોય કે ૨૦૧૮ની પંદરમી ઑગષ્ટે મોદી લાલ કિલ્લા પરથી છેલ્લી વાર રાષ્ટ્રધ્વજ ફરકાવશે, તો એવી આગાહીમાં બહુ દમ નથી લાગતો. મહાગઠબંધન રચી મોદી સામે બધ જ વિપક્ષોને એક મંચ પર લાવવાનો વિચાર અમલી બને એવી શક્યતા જ નથી રહી. પોપટની ચાંચ જેવું નાક ધરાવતા તેલંગણાના મહત્ત્વાકાંક્ષી મુખ્યમંત્રી ચંદ્રશેખર રાવે ભાજપ-કોંગ્રેસ વિરુદ્ધ ત્રીજા મોરચાની આહલેક જગાવી છે અને ઓવૈસી જેવા કટ્ટર મુસ્લિમ નેતાએ એને આવકારી પણ છે. પરંતુ એથી તો ઊલટાના કહેવાતા બિનસાંપ્રદાયિક વોટમાં જ વિભાજન થશે અને એનો સુધી ફાયદો કેસરિયા પાર્ટીને થશે. ક્યારેક ઈંદિરા સામે તમામ બિનકોંગ્રેસી રાજકીય પરિબળો ભેગાં થયાં હતાં અને ઈંદિરા ગાંધીને હરાવી પણ શક્યાં હતાં. પણ ત્યારે ઈંદિરાજી ખુદના જ નેતાઓ એક પછી એક સામા પક્ષે ચાલ્યા ગયેલા. મોદીનો ત્યારે જ હરાવી શકાય જ્યારે આરએસએસ પોતે જ એમની સામે પડે. અત્યારે તો અત્યારે તો હિંદુત્વ મુદ્દે ધ્રુવીકરણની દિશામાં જ દેશની પ્રજાનો એનું ભવિષ્ય દેખાઈ રહ્યું છે. અલબત્ત, રાજસ્થાન અને મધ્યપ્રદેશ ઉપરાંત મહારાષ્ટ્ર જેવાં મોટાં રાજ્યોમાં ભારેલો અગ્નિ ભભૂકી ઊઠે તો જરૂર મોદીના વિજયરથનો અટકાવી શકાય. જો કે આ અંતર્નિહિત નબળાઈની મોદી અને શાહનો આગોતરી ખાતરી છે જ, એટલે પામી પહેલાં પાળ બાંધવામાં એમનો ભાગ્યે જ કોઈ મુશ્કેલી નડશે.

# હોળીની ઝાળની જેમ તેના હૈયામાં અગનજવાળાઓ ઉઠી

નવાં કલેવર
નટવર હેડાઉ



તું કોણ ?
હું એટલે હું, પણ તું કોણ ?
જેમ તું, એમ હું, પણ ફક્ત હું.
તું બહુ સુંદર છે હોં.



અને તું પણ... કેવો સારો છે. જાણે આપણે એકબીજાને વર્ષોથી ઓળખીએ છીએ.

વર્ષો નહીં, જનમોજનમથી.

હા, મને પણ એમ જ લાગે છે. જાણે આપણે બંને એકબીજા માટે જ બન્યાં છીએ.

તો શું તું અને હું એક થઈ શકીએ ? જરા ખમચાતો સ્વર ઊઠ્યો.

તે જરાક નજીક આવી. બંનેએ એકબીજાની આંખોમાં આંખો પરોવીને જોયું. મૌન સ્વીકૃતિનું આદાનપ્રદાન થયું.

તું અને હું હવે આપણે કહેવાવા લાગીશું, તણખલાં ભેગાં કરી માળો બનાવવાનો ઉપક્રમ.

ખરેખર ! શું આપણું જીવન છે ? મને તો હજુ વિશ્વાસ બેસતો નથી કે આ...

હા, મને પણ એમ જ લાગે છે. હા.. હા.. હા.. આ તો આપણું જ ઘર છે.

અહીં આપણાં સુખ અને ખુશીઓ હશે.

મને તો સમજાતું જ નથી કે આ સપનું છે કે સત્ય.

તું જરા તારી જાતને ચૂંટલી ખણી જો.

ના... ના.. એવા અખતરા શું કામ ? મને લાગે છે કે આ આપણો પ્રેમ છે.

આંધી આવવાની શક્યતા...

હું નોકરી કરીશ.

કર, હું ક્યાં રોકું છું.

સ્વતંત્ર થવાનો પહેલો તરફડાટ !

આ લે મારો પહેલોપગાર...

તારો ? તા... રો...

ફક્ત તારો...

શબ્દોનો આઘાત, છેદન ભેદનની હોડ.

અહમ્, તૃષ્ટિનો ભ્રમ.

બે કિનારા વચ્ચે એક અંતર...

લે, મને પ્રમોશન મળી ગયું.

સારું થયું. બૉસને મસ્કો લગાવવાનું મને પણ શીખવાડી દે.

મકાનનું ભાડું તારે આપવું પડશે.

ના, અડધું-અડધું.

આજથી તારી સિગારેટ બંધ, બહુ મોંઘો શોખ છે.

તારા ખોટા ખર્ચાય બંધ, મેક-અપ બંધ.

પાર્લર જવાનું બંધ.

આ ટીવી વધારે જો જો કરવાનું નહીં, એ મારી કમાણીનું છે.

આ મારું... પેલું તારું... મારું તારું... હું... તું... તું... હું અને તું... એમ કરતાં માળાના તણખલાં વિખરવા લાગ્યાં.

તે બહાર નીકળી ચાલવા લાગી. તેની નજર સર્કલને એક ખૂણે લગાવેલ હોર્ડિંગ પર પડી.

૮ માર્ચ, વિશ્વ મહિલા દિવસ. સ્ત્રી સશક્તિકરણ.

તે અત્યારે સર્કલ પાસે ઊભી રહી કઈ તરફ જવું તે માર્ગની તલાશમાં હતી.

# દીકરીની વિદાયનું દુઃખ અનુભવે તે જ સમજે

ગુલમહોર
દિનેશ દેસાઈ



શિયાળાની રાતનો સન્નાટો, સાતમો પ્રહર અને સાડા ત્રણ વાગ્યાનો એક બેલ વૉલ-ક્લૉકમાં વાગ્યો. એવામાં પંદર વર્ષની આયુષી ''બા, ઓ બા...'' એવી બૂમ પાડતી પથારીમાંથી બેઠી થઈ જાય છે. અંધારામાં આગિયાની જેમ આંખો ઝબકે છે. એણે તરત પાસે સૂતેલાં સવિતાબાને ઢંઢોળ્યાં.

આંખો ચોળતાં ચોળતાં સવિતાબા ઊંઘમાંથી સફાળા પથારીમાં બેઠા થયાં અને આયુષીને ગોદમાં લઈને ઢબુરી રહ્યાં.

બાએ એક હાથે સ્વિચ ઑન કરી. ડીમલાઈટ તો ચાલુ જ હતી અને બીજી લાઈટનો પ્રકાશ રૂમમાં ફેલાયો.

બા સ્વગતઃ બોલી પડ્યાં કે ''મૂઆ, સપનાંની ભૂતાવળ છોકરીનો જીવ છોડતી નથી.''

બાએ હળવેકથી પૂછ્યું કે ''શું થયું બેટા...? ફરી પાછું કોઈ સપનું...?''

—અને આયુષી બાના ખોળામાં પાલવ ભરીને રોઈ પડી. એવામાં કાન્તિલાલ પણ જાગી ગયા. સ્થિતિ જોઈને એ પામી ગયા કે દીકરીને માની યાદ આવી ગઈ છે.

''દાદા, તમે ભલે મને કહો છો પણ મારે નથી જવું. હું અહીં જ રહેવા માગું છું.'' બોલતી આયુષી દાદાને વળગી પડી.

થોડી ક્ષણો એમ જ પસાર થઈ ગયા બાદ કાન્તિલાલે કહ્યું કે ''બેટા, ભલે દુઃખ પડે. સિટીઝનશીપ એ તો તારો હક્ક છે, તારો અધિકાર છે અને હવે તારા પપ્પા સામે ચાલીને તને લેવા માટે આવ્યા છે. બધા કાગળિયા થઈ ગયા છે, પછી તારે આમ હિંમત હારવી જોઈએ નહિ. બાકી, એક દીકરી તો અમે ગુમાવી. હવે અમે તને ગુમાવવા માગતા નથી. તારી મા હોત તો રાજી રાજી થઈ ગઈ હોત.''

સવિતાબા અને કાન્તિલાલે પોતાની એકની એક દીકરી રાજુલને ગુમાવી હતી. આયુષી સાડા ત્રણ – ચાર વર્ષની હતી ત્યારે રાજુલનું મોત થયું હતું. એ વાતને એક દસકા ઉપરાંતનો સમય વીતી ગયો હતો. છતા આયુષીને મા સારી રીતે યાદ હતી. માએ જે લાડકોડ કર્યા હતા એની સ્મૃતિના સથવારે ક્યારેક આંસુ સારી લેતી અને આમ ઊંઘમાંથી ઝબકીને જાગી જવાની આદત પડી ગઈ હતી. જો કે આજે જરા જુદી વાત હતી. એની સાવકી મા માની ગઈ હતી. આથી પપ્પા વિનુ મહેતાએ દીકરીને અમેરિકા બોલાવી લેવાની કાનૂની કાર્યવાહી પુરી કરી લીધી હતી પણ આયુષીનું મન માનતું નહોતું.

આયુષીએ કહ્યું કે ''દાદા, તમે મને કહો છો કે અમે તને ગુમાવવા માગતા નથી અને સાથે સાથે અમેરિકા જવા આગ્રહ પણ કરી રહ્યા છો. આ વાત મને સમજાતી નથી. જો એ લોકોએ મને સારી રીતે રાખી હોત તો તમારે મને આમ ઉછેરવાનો વારો જ ન આવ્યો હોત ને. મેં સાંભળેલી વાતો પ્રમાણે મારી મા બીમાર નહોતી, એને બીમાર પાડી દેવામાં આવી હતી.''

એની આંખો ભરાઈ આવી હતી. બીજી તરફ સવિતાબા અને દાદા પણ ઢીલા પડી ગયાં હતાં.

કાન્તિલાલની આંખ સામે એક પછી એક દશ્યો તરવરી રહ્યા. જાણે અજાણે તેઓ આયુષીમાં રાજુલને નિહાળી રહ્યા. પહેલી વાર જ્યારે મુરતિયો બનીને વિનુ રાજુલને જોવા માટે ઘરે આવ્યો હતો ત્યારે મહેમાનોની વિદાય પછી રાજુલે તો સાફ શબ્દોમાં એની સાથે પરણવાની ના પાડી દીધી હતી.

રાજુલ ત્યારે બોલી હતી કે ''પપ્પા, તમે'ય શું જોઈને આવા મુફલિસ દેખાવના છોકરા જોડે મારા લગ્નની વાત ચલાવો છો? ક્યાં એ અને ક્યાં હું? એમાં'ય વળી ઉંમરમાં મારા કરતા છ-સાત વર્ષ મોટો. ઉપરથી પાછો રહે છે ગામડામાં. હું શહેર છોડીને ગામડે જવા માગતી નથી.''

કાન્તિલાલે ત્યારે દીકરીને સમજાવી હતી કે ''જો બેટા, તારે કંઈ આખી જિંદગી એની સાથે ગામડામાં કાઢવાની નથી. વિનુના પરિવારના અડધા સભ્યો અમેરિકા છે અને લગ્ન પછી તારે પણ વિનુ સાથે અમેરિકા જવાનું નિશ્ચિત છે. તારી લાઈફ બની જશે. દેખાવ અને ઉંમર તો ઠીક છે. આપણે થોડુંક તો જતું કરવું પડે. આજે તો અમેરિકા જવાની લ્હાયમાં હિરોઈન જેવી કન્યાઓ ઘરડા ખચ્ચર જેવા મુરતિયા સાથે લગ્ન કરતી જ હોય છે ત્યારે વિનુ કંઈ સાવ નાખી દેવા જેવો નથી.''

રાજુલ સાથે લગ્ન થાય તો અમેરિકા જવાનું થાય એ પહેલા શહેરમાં વસવાટ કરવાની વિનુએ ખાતરી આપી હતી. જો કે લગ્ન પછી વિનુ ફરી ગયો હતો અને ગામ છોડ્યું નહોતું. આથી લગ્ન પછી રાજુલને ગામડામાં રહેવાની ફરજ પડી હતી. પરણ્યા પછી રાજુલ પાસે બે જ ઑપ્શન હતા. એક તો ગામમાં રહેવું અથવા ડિવૉર્સ લઈ લેવા. કોઈ પણ દીકરી ડિવૉર્સ લઈને મા-બાપની આબરુ ધૂળધાણી કરવાનું પસંદ ન જ કરે, સિવાય કે બીજો કોઈ રસ્તો જ ન હોય.

લગ્ન પછી રાજુલને ગામડામાં રહેવું પડ્યું, એ તો ઠીક પણ સંયુક્ત પરિવારનું બધું જ કામકાજ તેણે ઢોરની માફક કરવાનું આવ્યું હતું. કેમ કે લગ્ન પછી સાસરિયાંએ ઘરકામ કરનાર નોકર અને રસોઈ કરનાર રસોઈયાને છુટા કરી દીધા હતા. એ બેઉ જણા ઘરમાં ચોવીસ કલાક રહેતા અને ઘરનું બધું કામકાજ કરતા હતા.

રાજુલના રૂપને કાટ લાગતો ગયો હતો. એનું શરીર ધોવાતું ગયું હતું. એવામાં રાજુલે દીકરીને જન્મ આપ્યો હતો. જેનું નામ આયુષી રાખ્યું હતું. દીકરીના જન્મથી તો વિનુ અને સાસરિયાનો ત્રાસ વધી ગયો હતો. આમ પણ રાજુલના રુપથી વિનુ લઘુતાગ્રંથિ અનુભવતો હતો. રાજુલ અવારનવાર મૉબાઈલ કરીને મા-બાપને આપવીતી કહી દેતી અને દિલનો ભાર ઠાલવતી.

મૉબાઈલના સામે છેડેથી બીજા મા-બાપની જેમ સવિતાબા અને કાન્તિલાલ એક જ સલાહ આપતા કે ''બેટા, હવે પડ્યું પાનું નિભાવી લેવાનું.''

એક દિવસ રાજુલના સાસરેથી ફોન આવ્યો હતો કે ''રાજુલ સિરિયસ છે, ઝટ ગામડે આવી પહોંચો.'' સવિતાબા અને કાન્તિલાલ

● અનુસંધાન સાતમા પાને

# બિજલી ગિરાને મૈં હું આઈ !! સ્ટાર શ્રીદેવી આંચકો આપીને સ્ટાર થઈ ગઈ !!

Hello ફ્રેન્ડસ!
સંજય થોરાત'સ્વજન'
mail@sanjaythorat.com



શ્રીદેવી એવી હિરોઈન જેની એક જનરેશન ચાહક અને એણે જ્યારે ગાયું, 'બિજલી ગિરાને મૈં હું આઈ...' એ ખરેખર એમ જ જીવીને ગઈ. જીવતે જીવત જેમ ફિલ્મોમાં 'બિજલી ગિરાઈ' એમ જ મરતાં પણ વિજળી જેવો ૪૪૦ વોટનો આંચકો આપીને ગઈ. એક તો એનું મૃત્યુ આમપણ અચાનક. આકસ્મિક, અનપેક્ષિત અને એમાં પણ જે પરિસ્થિતિમાં થયું એ ખબર એટલે 'બિજલી ગિરાને' જેવું કડાકાભેર... જિંદગીમાં ક્યારેય ન કરેલી વાત એ જતાં જતાં કરતી ગઈ, જે પ્રેસ-મીડિયાને એણે એનાથી જોજનો દૂર રાખ્યું હતું એણે એ વાતનું સાટું વાળતાં જતાં જતાં પાને પાનાં



ભરાય અને ૨૪ કલાક ચલાવાય એટલું સનસનીખેજ આપી દીધું.

શ્રીદેવી મીડિયા-પ્રેસથી એટલી અલિપ્ત હતી કે જે અખબાર મેગેઝીનમાં આવવા કલાકારો સામેથી પૈસાની ઑફર કરે એને પણ એની ચલતી વખતે હાથ મૂકવા દીધો નહોતો. મીડિયા સાથે સંબંધ રાખ્યા વગર પણ સ્ટાર બની શકાય એવું કોણ માને છે.

શ્રીદેવીએ 'સોલવા સાલ'થી ફિલ્મ પદાર્પણ કર્યું અને 'સદમા'થી એની ઓળખ બની. એ બંને ફિલ્મો હિરોઈને કરતાં એના વિષયને કારણે વધુ દમદાર હતાં. આ બંને ફિલ્મોમાં શ્રીદેવીને એનું રૂપ બતાવવા ચાન્સ નહોતો. ગ્લેમર તો જરાય નહોતું. સદમામાં તો હિરો તરીકે કમલ હાસન અને એ પણ દમદાર ભૂમિકામાં. એ વખતે શ્રીદેવી હિન્દી ફિલ્મોમાં નવી સવી, પણ છતાંય એણે એ ફિલ્મમાં એના તીણા અવાજને કારણે માસુમ અભિનય કરી દિલ જીતી લીધાં.

ઍંસીના દાયકામાં લગભગ બધાં હિરો-હિરોઈન સુંદર હિન્દી બોલતાં એ વખતે આ દક્ષિણ ભારતીય શ્રીદેવીને તકલીફ પડશે એવું લાગતું હતું પણ એણે કાબૂ મેળવી લીધો. શ્રીદેવીના યશમાં યશ ચોપ્રાનો બહુ મોટો હાથ છે. ચાંદની અને લમ્હે આ બંને ફિલ્મોએ શ્રીદેવીના અભિનયને નિખાર આવ્યો. આ સમયગાળામાં એની પાસે પુષ્કળ ફિલ્મો હતી. એનો માંસલ બાંધો અને એનું નિઃસંકોચ પ્રદર્શનને કારણે એ ફિલ્મોમાં સિટીઓ પડાવતી. જીતેન્દ્ર જોડે આવેલી હિમ્મતવાલાથી લઈ જસ્ટીસ ચૌધરી સુધીની બધી ફિલ્મો હિન્દી હતી પણ ઓરિજીનલ તો દક્ષિણી ટચ હતો. આ બધી ફિલ્મોમાં પાછી જયાપ્રદા પણ હતી. શ્રીદેવી અલ્લડ અને ટૉમબોઈશ હતી તો જયાપ્રદા સોબર, આદર્શ, ત્યાગમૂર્તિ સ્ત્રી. વૈજ્યંતિમાલા, હેમામાલિનીની જેમ શ્રીદેવીએ પણ પોતાને શર્તે જ ફિલ્મોમાં કામ કર્યું અને ભલભલા હીરોને ના પાડવાની હિંમત કરેલી. અમિતાભ બચ્ચને ખાસ એને 'ખુદા ગવાહ'માં ડબલ રોલ અપાવી લીધી પણ એ ફિલ્મથી સરવાળે કોઈને લાભ થયો નહીં.

યશ ચોપ્રાની ચાંદનીએ શ્રીદેવીનો મેક ઓવર કર્યો એમ કહેવાય. ટિપીકલ દક્ષિણી હિરોઈનમાંથી એને હિન્દી ફિલ્મમાં અલગ પહેચાન અપાવવા પચાસ ટકા વજન ઘટાડી દીધું. ભડક કપડાં અને મેક-અપની જગ્યાએ લાઈટ રંગ કે વ્હાઈટ રંગની સાડીઓ સાથે એને પોલીશ અને સોફિસ્ટીકેટેડ બનાવી. ચાંદની ફિલ્મથી શ્રીદેવી ખરા અર્થમાં જીતેન્દ્રના ફિલ્મની લાઉડ અભિનેત્રીમાંથી છૂટીને પણ ક્લાસ અભિનેત્રી છે એવું સાબિત કરી દીધું.

ચાંદનીથી ઘડાયેલી શ્રીદેવીએ નવો આવિષ્કાર લમ્હેમાં બતાવ્યો. પોતાના કરતાં મોટી ઉંમરના પુરુષના પ્રેમમાં પડનારી યુવતિની કહાની હતી. કાયમ હસતી, બોલતી, નટખટ શ્રીદેવી આમાં પણ હતી પણ પ્રેમમાં પડેલી છોકરી પછી મેચ્યોર થાય છે અને પછીનો જાનદાર અભિનય છવાઈ જાય છે. ઍંશીના દશકમાં લમ્હેને સમિક્ષકો અને પ્રેક્ષકોની ભરપૂર દાદ મળી પણ ટિકિટબારી પર ચિત્રપટ ચાલ્યું નહીં.

જુદાઈ નામના તદ્દન અવિશ્વસનીય ફિલ્મમાં પૈસાનો ઉપયોગ કરવા પોતાના પતિને વેચવા તૈયાર થઈ, પતિને પ્રેમિકાને બે કરોડ રૂપિયામાં વેચીને જાતે જ લગન કરાવી આપતી 'ઇન્ડિસન્ટ પ્રપોઝલ' હોલીવૂડની કોપી એવી જ ફિલ્મમાં એણે ધમાલ કરી હતી. મધ્યમ વર્ગીય સ્ત્રીની ભૂમિકાથી 'પ્યાલા બરણીવાળા'ને જેમ જૂનાં કપડાં વેચે એમ પતિને વેચીને એ પૈસાથી હાઈ સોસાયટીની સ્ત્રી બની જીવનારી અને ઊર્મિલા માતોંડકરને ફિલ્મી પતિ સોંપનારી શ્રીદેવી હજુ પણ યાદ જ છે.

જુદાઈ, લાડલા, સુહાગન જેવી ફિલ્મોથી શ્રીદેવીએ એન્ટી હીરોઈનને લાઈવ કરી. મોડર્ન કપડાં પહેરી રૂઢિચુસ્તતા સામે પડનારી સ્ત્રી તરીકે એણે પ્રેક્ષકોને વિચારતા કર્યા. ચાલબાઝ જેવી ફિલ્મની રોઝી તો દારૂ પણ પીવે અને એ માટે ઉધારી પણ કરે, કોઈ ચોરીછૂપીથી નહીં છડેચોક જ કરવાનું શ્રીદેવીની ફિલ્મોથી આવ્યું. ચાલબાઝનો ડબલરોલ એમાં બિન્દાસ-ચાલુ કેરેક્ટર અને ગભરૂ સ્ત્રી બંનેને એણે અફલાતૂન નિભાવી જાણ્યાં હતાં. શ્રીદેવી જોડે સેક્સ અપીલ હતી પણ એ ચીપ નહોતી. કાંટે નહીં કટતે...માં માદકતા હતી તો મિ. ઈન્ડિયામાં ચુલબુલી હવાહવાઈ પણ જોરદાર હતી. રૂપ કી રાની ચોરોં કા રાજા જેવી ખર્ચાળ ફિલ્મ ઊંધે માથે પછડાઈ છતાં દોષનો ટોપલો શ્રીદેવીને માથે નહોતો આવ્યો. મિસ્ટર ઈન્ડિયાની ચાર્લી ચેપ્લીનની એક્ટિંગ તો હજુ પેટ પકડીને હસાવે છે.

પોતાનાથી ૨૦ વર્ષ મોટા એવા બોની કપૂર સાથે લગ્ન કરનારી શ્રીદેવીનો જીતેન્દ્ર સાથેની ફિલ્મો હિમ્મતવાલા, જાની દોસ્ત, જસ્ટીસ ચોધરી, મવાલી, અકલમંદ, તોહફા, બલિદાન, ઔલાદ, સુહાગન, ઘર સંસાર, ધર્મ અધિકારી, સોને પે સુહાગા... જેવી લાઈન લાગી હતી. સદમા, ચાંદની, ખુદા ગવાહ, ગુમરાહ, લાડલા, જુદાઈ જેવી ફિલ્મો માટે બેસ્ટ એક્ટ્રેસનો ફિલ્મફેર એવોર્ડ લેનારી શ્રીદેવીને પદ્મશ્રીથી પણ પુરસ્કૃત કરાઈ હતી.

હવા હવાઈ, નૈનો મેં સપના, સપનોં મેં સજા, મૈં નાગીન તુ સપેરા, મેરે હાથો મેં નૌ નૌ ચુડિયાં રે, કાટે નહીં કટતે યે દિન યે રાત, ના જાને કહાં સે આઈ હૈ યે લડકી, ચુડિયાં ખન ગઈ હાથો મેં, ગુસ્તાખ દિલ, એ જિંદગી ગલે લગા લે, હર કિસી કો નહીં મિલતા યહાં પ્યાર જિંદગી મેં, મોરની બાગાંમાં બોલે આધી રાતમાં, તુ ના જા મેરે બાદશાહ... જેવા શ્રીદેવીના યાદગાર ગીતો છે, જેમાં એના અલગ અલગ મૂડ દેખાય છે. અચાનક ગયેલી શ્રીદેવી અને યાદગાર ફિલ્મો અને ગીતો આપીને ગઈ છે. મૃત્યુના કારણમાં પડ્યા વગર એની યાદોને માણવી એ જ સાચી શ્રદ્ધાંજલિ હોઈ શકે, વોઈ તો...

ચૂંટલો : શ્રીદેવી જતાં જતાં એક શ્રેષ્ઠ દાખલો આપીને ગઈ કે તમે કેટલા પણ સુંદર, તંદુરસ્ત, ફિટ હોવ, હેલ્થ કોન્શિયસ હોવ તો પણ જો તમારો લાસ્ટ કોલ આવી ગયો હોય તો કોઈ કશું જ કરી શકતું નથી. તમે ગમે તેટલી મોટી હસ્તી હોવ કે સ્ટાર, પૈસાની કોઈ કમી ન હોય અને દુનિયાની શ્રેષ્ઠ ટ્રીટમેન્ટ મેળવી શકો એમ હોવ છતાંય જિંદગી દગો દઈ શકે છે. મન ભરીને જીવો, મનમાં ભરીને નહીં, જિંદગીની ક્ષણોને માણો, ઈચ્છા પૂર્ણ કરી લો. કારણ કે ઉપરવાળાના પ્લાનિંગ સામે તમારું કોઈ સેટલમેન્ટ શક્ય નથી. મસ્ત રહો, જબરદસ્ત રહો, શ્રીદેવીની ફિલ્મો-ગીતો સાંભળતા રહો.